પૂર્વછાયો- હવે ભક્ત હાલારના, વળી કહું કચ્છ સમેત ।
શુધ્ધ મને જે સાંભળે, તેને થાય હરિમાં હેત ॥૧॥

મીઠાબોલા ને મોબતી, હૈયે હેત અપરમપાર ।
પ્રીત પ્રગટ પ્રભુશું, કરૂં તેનાં નામ ઉચ્ચાર ॥૨॥

ચોપાઇ- ભક્ત ગુણવંતા છે ગોંડલે, ભજે પ્રભુ મન નિરમળે ।
પુરપતિ ક્ષત્રિ હઠીભાઇ, કરી હરિ ભજીને ભલાઇ ॥૩॥
ક્ષત્રિ ભક્ત ડોસોભાઇ કહીએ, એહ આદિ બીજા બહુ લહીએ ।
જીવરામ પ્રાગજી સુતાર, ભક્ત જોધો એ જાતિ ઉદાર ॥૪॥
વિપ્ર જેઠો મીઠો ને ભાઇજી, ભક્ત શેઠ રૂડો રાઘવજી ।
કડિયા રતનો અજો નારાયણ, હરભમ હરિપરાયણ ॥૫॥
વાઘો વાલો કડવો કુંભાર, અર્જણ દેવશી લખો ઉદાર ।
નાથો વાલો લુહાર જેરામ, સઇ ગગો નારાયણ નામ ॥૬॥
આંબો કાનો જન જણસાળી, શેખ જીવણ યવન વળી ।
એહ આદિ છે જન અપાર, રહે ગોંડલ ગામ મોઝાર ॥૭॥
ભક્ત ભાટિયો હીરો છે નામ, હરિજન દ્વિજ પ્રજારામ ।
એક વેરાગી તુલસીદાસ, એહ આદિનો મોવૈયે વાસ ॥૮॥
નથુજી ઉદોજી જેઠીભાઇ, રૂડા ભક્ત કહીએ ક્ષત્રિમાંઇ ।
ભક્ત હરજી ઝીણો કુંભાર, વિપ્ર ગણેશ લાલો ઉદાર ॥૯॥
એહ આદિ જે જન કહેવાય, વસે ગામ નાગડકામાંય ।
દેવો ઓઝો કણબી કરમશી, ભજે હરિ વેરીગામ વશી ॥૧૦॥
ક્ષત્રિ ભક્ત ડેરીયે માનજી, વડારે વોરો વાલો જનજી ।
કાજુ ભક્ત કાલાવડમાંઇ, ખતરી તે જાદવજીભાઇ ॥૧૧॥
અતિ ઉદાર હેતુ હોંશિલો, જેનો ભાઇ કેશવજી વાલો ।
ક્ષત્રિ ભક્ત ખિરસરામાંઇ, લાખોજી ને હરિજન બાઇ ॥૧૨॥
કણબી શવદાસ રૂપાંબાઇ, ક્ષત્રિ લાખોજી રહે વડામાંઇ ।
હડમતિયે ભગો વણિક, સુખપુરે દમો ભક્ત એક ॥૧૩॥
ક્ષત્રિભક્ત કાયોજી લૈયાળે, વૈશ્ય રતનો જીવો ઇટાળે ।
હરજી વીરજી ભક્ત સુતાર, જન રામજી હીરો કુંભાર ॥૧૪॥
ક્ષત્રિભક્ત કાંથડજી વળી, એહ આદિ રહે વણથળી ।

હરિજન સોની રાઘવજી, લીધા પુંજે ભગવાન ભજી ॥૧૫॥
ભક્ત એક છે લાધો સુતાર, વસે વણથળી મોટી મોઝાર ।
ક્ષત્રિભક્ત રૂડા જગુભાઈ, ઘરે હરિજન નાનીબાઈ ॥૧૬॥
હરિભક્ત રૂપાળીબા નામ, એહ આદિ ભક્ત મેડીગામ ।
મોડા ગામમાંઈ મોટા ભક્ત, ક્ષત્રિ રણમલજી વિરક્ત ॥૧૭॥
દાજી મોનજી ને બાપુભાઈ, ભક્ત ફલજી સુજાંજીબાઈ ।
જલો રાવળ રૂપાળીબાઈ, એહ આદિ ભક્ત મોડામાંઈ ॥૧૮॥
ભક્ત મેઘો નારાયણ નાનજી, મુળજી વિરજી ને રામજી ।
વસતો લાધો સુતાર લહીએ, હરિભક્ત લાડુબાઈ કહીએ ॥૧૯॥
ફલજી મનુજી હરિજન, ક્ષત્રિ કુળે એ ભક્ત પાવન ।
સોની ગોવો અજોભાઈ કહીએ, એહ આદિ છે ભક્ત અલૈયે ॥૨૦॥
ક્ષત્રિભાઈજી રાઘોજી દાજી, વિપ્ર ભક્ત વાલો જાદવજી ।
લાલ રામ વૈશ્ય હરિજન, વસે શેખપાટમાં પાવન ॥૨૧॥
કડિયો ભક્ત ઉકો ઓઘો જાણો, જીવો જેરામ ડાયો પ્રમાણો ।
એહ આદિ જે ભક્ત સુંદર, ભજે હરિ રહે નવેનગર ॥૨૨॥
લાલો કુંભાર અરજણ સઈ, ભજે પ્રભુ જોડીયામાં રઈ ।
ભલા ભક્ત છે ભાદરે ગામ, સુતાર વસતો ભાઈ રામ ॥૨૩॥
વસરામ માવજી રણછોડ, નારાયણ રાજો જન જોડ ।
ગંગાદાસ ને શવજીભાઈ, હરિજન એક હરિબાઈ ॥૨૪॥
એહ આદિ છે ભક્ત સુતાર, દેવો ડોસો કણબી ઉદાર ।
દ્વિજ મુળજી સુંદરજીભાઈ, ક્ષત્રિ કાનજી ને નથુનાઈ ॥૨૫॥
એહ આદિ જે ભક્ત અપાર, વસે ગામ ભાદરા મોઝાર ।
હીરો ડુંગર ભક્ત સુતાર, ક્ષત્રિ રવો કેસિયા મોઝાર ॥૨૬॥
હરિજન પ્રેમજી વણિક, ધ્રોળ મધ્યે એ ભક્ત છે એક ।
ભક્ત નાયો કાનજી ઉદાર, વેલો ગોવો માંડણ કુંભાર ॥૨૭॥
જેરામ ને એક રાજબાઈ, શા દેવશી ધુળકોટમાંઈ ।
ભક્ત કણબી લખમીદાસ, ગર રણમલ ઘુનડે વાસ ॥૨૮॥

આમરણયમાં આણંદિબાઈ, જેની પ્રીત અતિ પ્રભુમાંઈ ।
દ્વિજ ભક્ત ગોવિંદજી ભેલે, ભક્ત વજો બોરિચો રહે બેલે ॥૨૯॥
ક્ષત્રિ ભક્ત છે બેચરભાઈ, આસો ભાઈજી બગથલામાંઈ ।
કણબી ગણેશ ને માનુબાઈ, પ્રેમીભક્ત પિપળિયામાંઈ ॥૩૦॥
વાગડ દેશમાં વાંઢિયું ગામ, તિયાં ભક્ત બ્રાહ્મણ પાંચો નામ ।
લાધો રામો ભરવાડ જોડ્ય, લુવાર રણમલ ચિતરોડ્ય ॥૩૧॥
ભક્ત ઠક્કર કચરો નામ, પદ્મસિ આદિ આધુઈ ગામ ।
રામજી ત્રિકમ વસરામ, ભક્ત લુવાણા ચોબારી ગામ ॥૩૨॥
બાઈ એક મોટાં હરિભક્ત, જેને જુહું થઈ ગયું જક્ત ।
ભક્ત મનજી દેવો લુવાણા, કંથકોટે એ ભક્ત કહેવાણા ॥૩૩॥
ભક્ત વાઘો ને પાંચે ઠક્કરે, ભજયા હરિ ગામ મનફરે ।
ઠક્કર રામદાસ ને કચરો, ભક્ત મુળજી શા વાઘો ખરો ॥૩૪॥
જેઠો જેરામ કર્મણ લુવાર, એહાદિ ભચાઉ મોઝાર ।
ક્ષત્રિભક્ત લાધોભાઈ કહીએ, અદોભાઈ કલ્યાણજી લહીએ ॥૩૫॥
રામસિંહ રાયધણ જેહ, જેતમાલ આદિ જન તેહ ।
મોટાં ભક્ત એક માનબાઈ, જેને પ્રીત અતિ પ્રભુમાંઈ ॥૩૬॥
બાઈ બાઈજી કરણીબાઈ, ભક્ત એક મેઘરાજભાઈ ।
એહાદિ જન કહીએ અપાર, ભક્ત રહે ધમડકા મોઝાર ॥૩૭॥
હરિભક્ત સુતાર વશરામ, એહાદિ જન દુધઈ ગામ ।
વિપ્ર ભક્ત જેઠો કેશવજી, સતસંગી સુતાર રવજી ॥૩૮॥
ભક્ત ઠક્કર કેશવજી નામ, એહાદિ રહે ચાંદરાણી ગામ ।
માવજી મુળજી ને વાલજી, ભાણિરે ખોખરે હરિ ભજી ॥૩૯॥
દ્વિજ ભક્ત કચરો છગન, રૂડાં રાજબાઈ હરિજન ।
ભક્ત જેઠી ખીમજી સંઘજી, વસે અંજારમાંઈ વાલજી ॥૪૦॥
ભક્ત ઉકોશા આદિ કહેવાય, વસે તેતો ગામ તુણામાંઈ ।
દ્વિજ પુંજો દેવેશ્વર કહીએ, સુતાર પુરૂષોત્તમ લહીએ ॥૪૧॥
એહ આદિ જે જન કહેવાય, વસે ગામ તે મુંદરામાંય ।

ક્ષત્રિ ભક્ત એક મંકુબાઇ, રહે કાલાઘોઘા ગામમાંઇ ॥૪૨॥
ભક્ત શેઠ રતનજી નામ, એહાદિ જન જરફરે ગામ ।
ભક્ત સુતાર છે મેઘોભાઇ, હરિજન માતા મેઘબાઇ ॥૪૩॥
દેવશી ટોપણાદિ ખતરી, હરિ ભજી ગયા ભવ તરી ।
ભક્ત લુવાર છે વશરામ, સોની લાલો રાઘવજી નામ ॥૪૪॥
શા સુંદરજી ચાંપશીભાઇ, એહાદિ જન માંડવીમાંઇ ।
મેપો થોભણ ભક્ત સુતાર, કાનુબાઇ ને જીવો ઉદાર ॥૪૫॥
કુળે સહિત ભક્ત પાવન, વસે ડોણય ગામે હરિજન ।
હરિભક્ત દામજી સોનાર, વસે ગોધરા ગામ મોઝાર ॥૪૬॥
દ્વિજ મુળજી ને દયારામ, એહાદિ જન કોટડી ગામ ।
ભક્ત સુતાર ભીમજી રવજી, હરિજન તે હરભમજી ॥૪૭॥
ભક્ત બાઇ જેઠી અજુ નામે, વસે તે કાળાતળાવ ગામે ।
ઘણેણીયે ભક્ત છે રવજી, થયો સુતાર પાર હરિ ભજી ॥૪૮॥
નેતરામાં શવજી સુતાર, કર્યો સતસંગ સમજી સાર ।
નોંઘો નાગજી ભક્ત માવજી, ડોસો ગોપો સુતાર સંઘજી ॥૪૯॥
પ્રેમી પ્રેમબાઇ માનબાઇ, મોટા ભક્ત એ સુતાર માંઇ ।
સેજપાલ શાપત રામલ, એહાદિ ભક્ત તેરે અવલ ॥૫૦॥
ભણસારી જેઠો દામોદર, કણબી કેશવ કમો ઠક્કર ।
એહ આદિ ભક્ત બીજા કેયે, ભજી હરિ રહે ગામ ધુફિયે ॥૫૧॥
શેઠ હંસરાજ હરિજન, ભક્ત ફુલજી જાતિ યવન ।
ભક્ત ભણશાળી હમીર નામ, એહ આદિ ભક્ત રુવે ગામ ॥૫૨॥
હરિજન બાઇ દેવું નામ, વસે સુતાર વથોણ ગામ ।
ક્ષત્રિ ભક્ત કાકોભાઇ કહીએ, એહાદિ જન મંજલે લહીએ ॥૫૩॥
ભક્ત સુતાર છે પુંજોભાઇ, સઇ પુંજો દેશલપુર માંઇ ।
કણબી ભક્ત લાધા આદિ ખરા, વસે જન ગામ સામતરા ॥૫૪॥
દ્વિજ નાગજી પ્રાગજી મલુ, સામજી ને કેશવજી ભલુ ।
નાથો તેજશી સુતાર શ્યામ, કણબી પ્રેમ લખુ વશરામ ॥૫૫॥

ક્ષત્રિ અદોભાઈ કમોદાસ, ભક્ત મોટા માનકુવે વાસ ।
કણબી ભક્ત છે માવજીભાઈ, એહ આદિ નારાયણપુરમાંઈ ॥૫૬॥
કૃષ્ણ રતનો કણબી કહીએ, બહુ ભક્ત બળદીએ લહીએ ।
ક્ષત્રિ સદાબાઈ હરિજન, દ્વિજ લાલજી જગજીવન ॥૫૭॥
કણબિ ભક્ત વશરામ નામ, એહ આદિ જન કેરે ગામ ।
કણબી હરિજન વાલબાઈ, ભજે હરિ મેઘપુરમાંઈ ॥૫૮॥
સારા સતસંગી સરલીમાંઈ, મોટા ભક્ત છે મનજીભાઈ ।
આસો વીરજી રામું રતન, કણબી રામપુરે હરિજન ॥૫૯॥
કણબી ભક્ત છે કચરો નામ, ભજે હરિ રહે દૈસરે ગામ ।
હરજી કાનજી રામ સુતાર, ડોસો ભક્ત ધીણોઈ મોઝાર ॥૬૦॥
ભક્ત સુતાર બાઈ લખમી, પુનડીયે પીતાંબર પ્રેમી ।
માવજી લખધીર સુતાર, માલબાઈ ગજોડ મોઝાર ॥૬૧॥
રામજી ને કુરજી સુતાર, ક્ષત્રિ રાસોજી ભક્ત ઉદાર ।
એક હરિજન જીજીબાઈ, એહાદિ જન બંદરામાંઈ ॥૬૨॥
ભલા ભક્ત કહીએ ભુજમાંઈ, સારા સતસંગી બાઈ ભાઈ ।
ભક્ત નાગર ગણપતરામ, હરિરામ વલ્લભજી નામ ॥૬૩॥
દ્વિજ નરસઈ સુત ભાણજી, લક્ષ્મી દોયે લીધા હરિ ભજી ।
હરિજન છે લેરખીબાઈ, પ્રીત્ય નવીન પ્રભુજીમાંઈ ॥૬૪॥
સૂર્યપ્રભા જેઠી ને ભવાની, એહાદિ ભક્ત બ્રાહ્મણ નાની ।
નાગજી સુત હીરજી સુતાર, સુંદરજી સનેહિ અપાર ॥૬૫॥
ધનજી હરજી જીવરામ, રાઘવજી રણછોડ નામ ।
કુરજી આદિ કહીએ સુતાર, પુંજી અમર પ્રેમી અપાર ॥૬૬॥
સેજું જમનાં ને હરબાઈ, મોટાં ભક્ત એ સુતારમાંઈ ।
સોનીમાં સતસંગી ગોમતી, મોટી મુલીની ભલી ભગતી ॥૬૭॥
મેતા નથુ સુત શિવરામ, હરજીવન બેન લાધી નામ ।
મહામુક્ત દશા એ સહુની, ભક્ત ભોજા આદિ બહુ સોની ॥૬૮॥
ઠક્કર ઉકા બે અલૈયો કહીએ, હરિભક્ત વલ્લભજી લહીએ ।

ભગવાનજી મનજી ભક્ત, રામદાસ ને મુરાર મુક્ત ॥૬૯॥
રતનશી ડોસો હરિજન, ગંગાબાઈ લુવાણા પાવન ।
ભક્ત જીવરામ લીલાધર, મુળજી આદિજન રાજગર ॥૭૦॥
ધન્ય ધન્ય જેઠી ગંગારામ, ભક્ત શિરોમણિ નિષ્કામ ।
સુત સામજી મુળજીભાઈ, એહ આદિ જન જેઠીમાંઈ ॥૭૧॥
ક્ષત્રિ ભક્ત એક ડોસાભાઈ, હરિજન બીજાં દેવબાઈ ।
ભક્ત રામજી અભુ કલ્યાણ, એહ આદિ જણસાળી જણ ॥૭૨॥
એહાદિ જન બીજાં અપાર, રહે ભુજનગર મોઝાર ।
સતસંગે રંગે રાતાં રહે, મુખે સ્વામિનારાયણ કહે ॥૭૩॥

પૂર્વછાયો- ધન્ય ધન્ય એ હરિજનને, જેનાં પુણ્ય તણો નહિ પાર ।
આણી હેત અતિ ઉરમાં, ભજે નારાયણ નરનાર ॥૭૪॥
અતિ દૃઢાવ અંતરમાં, નહિ કામ ક્રોધ લોભ મોહ ।
શોધ્યે ન મળે એક જે, એવા સતસંગીનો સમોહ ॥૭૫॥
સુણી નામ એહ શ્રવણે, જે મનન કરશે મન ।
સકળ કારજ સિઝશે, વળી થાશે પરમ પાવન ॥૭૬॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે હાલારદેશ તથા કચ્છ દેશના હરિજનનાં નામ કહ્યાં એ નામે એકસો ને સોળમું પ્રકરણમ્ ॥૧૧૬॥